**ગુજરાત સરકાર**

ગૃહ વિભાગ,

ઠરાવ ક્રમાંક: વિ-૫/સીએસએસ/૧૦૨૦૧૨/૧૬૪૪

સચિવાલય, ગાંધીનગર.

**તા. ૧૩.૦૩.૨૦૧૩**

**વંચાણમાં લીધા:-**

1. ગૃહ વિભાગના તા.૩/૧૧/૨૦૦૯ના ઠરાવ ક્રમાંક: મહક/૧૦૨૦૦૮/૪૨૪૩/સ
2. ગૃહ વિભાગના તા.૨૮/૦૭/૨૦૧૦ના ઠરાવ ક્રમાંક: મહક/૧૦૨૦૦૮/૪૨૪૩/સ
3. ગૃહ વિભાગના તા.૧૬/૦૭/૨૦૧૧ના ઠરાવ ક્રમાંક: મહક/૧૦૨૦૦૮/૪૨૪૩ પા.ફા.૧/સ
4. પો.મ.નિરીક્ષકશ્રી(કોસ્ટલ સિક્યુરિટી)ના તા. ૨૮.૯.૨૦૧૨ના પત્ર ક:કોસ્ટલ સિક્યુ./આઈજીપી/મરીન/૩૫

**આમુખ:-**

વંચાણે લીધેલ ક્રમ -૧ અને -૨ ના ઠરાવથી રાજ્યના સાગર તટની સુરક્ષા માટે મરીન અનામત પોલીસ દળ ઉભું કરવામાં આવેલ છે. આ અનામત દળમાં સિનિયર કમાન્ડોની કુલ-૮૩ જગ્યા અને કમાન્ડોની કુલ -૫૫૨ જગ્યા ઉભી કરવામાં આવેલ છે. આ જગ્યાઓના ભરતી નિયમો બનાવવાની કાર્યવાહી અલગ રીતે વિચારણામાં છે અને ભરતી નિયમો બનવામાં સમય વ્યતિત થાય તેમ હોઈ અને મરીન અનામત પોલીસદળ સત્વરે કાર્યરત કરવું જરૂરી હોઈ, ક્રમ-૪ના પત્રથી આ જગ્યાઓ એસઆરપી/જીલ્લા પોલીસદળ/ પોલીસ કમિશનરેટની કચેરીમાંથી હેડકોન્સ્ટેબલને સિનિયર કમાન્ડો તરીકે અને કોન્સ્ટેબલને કમાન્ડો તરીકે પ્રતિનિયુક્તિથી મરીન અનામત પોલીસદળમાં સમાવવાની દરખાસ્તને રાજ્ય સરકારની વિચારણામાં લેવામાં આવેલ હતી.

**ઠરાવ :-**

પુખ્ત વિચારણાના અંતે એસઆરપી/જીલ્લા પોલીસદળ/ પોલીસ કમિશનરેટની કચેરીમાંથી હેડકોન્સ્ટેબલને સિનિયર કમાન્ડો તરીકે અને કોન્સ્ટેબલને કમાન્ડો તરીકે પ્રતિનિયુક્તિથી મરીન અનામત પોલીસદળમાં સમાવવા તેમજ બંને સંવર્ગમાં પ્રતિનિયુક્તિનું ધોરણ ૫૦ ટકાથી વધે નહિ એ રીતે ભરવા માટે નીચેની શરતોને આધીન રહીને મંજૂરી આપવામાં આવે છે;

૧). હેડ કોન્સ્ટેબલ (સિનિયર કમાન્ડો) અને પોલીસ કોન્સ્ટેબલ (કમાન્ડો)ની પસંદગી,અધિક પોલીસ મહાનિર્દેશક(ઈન્ટે.) તથા તેઓ દ્વારા નિયુક્ત કરેલ-૨(બે) અધિકારી સહિત કૂલ-૩ સભ્યોની બનેલી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે.

૨) સિનિયર કમાન્ડો અને કમાન્ડોની વયમર્યાદા અનુક્રમે ૪૦ વર્ષ તથા ૩૦ વર્ષ થી વધવી જોઇએ નહીં. ખાસ કિસ્સામાં, અધિક પોલીસ મહાનિર્દેશક(ઈન્ટે.) વયમર્યાદામાં છૂટછાટ આપી શકશે.

૩) સિનિયર કમાન્ડો અને કમાન્ડોને પ્રતિનિયુક્તિના ધોરણે નિમણૂક આપવાના માપદંડો અધિક પોલીસ મહાનિર્દેશક(ઈન્ટે.)એ નક્કી કરવાના રહેશે.

૪) પસંદગી પામેલા સિનિયર કમાન્ડો અને કમાન્ડોએ અધિક પોલીસ મહાનિર્દેશક(ઈન્ટે.) નિયત કરે તેવી તાલીમ તેમજ લઘુતમ ધોરણ મુજબની યોગ્યતા મેળવવાની રહેશે.

..૨

૫) પ્રતિનિયુક્તિથી નિમણૂંક પામેલા કર્મચારીઓની શરતો અને બોલીઓ, સામાન્ય વહીવટ વિભાગના તા.૨.૦૯.૨૦૦૨ના ઠરાવ તેમજ નાણા વિભાગના તા.૧૦.૧૨.૧૯૯૩ ના ઠરાવની જોગવાઈઓ મુજબ નિયત કરવાની રહેશે.

આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ પર સામાન્ય વહીવટ વિભાગની તા.૨૮/૦૨/૨૦૧૩ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

13/3/2013
(એન.ડી.નિસરતા)
સેકશન અધિકારી
ગૃહ વિભાગ

13/3

13 MAR 2013

પ્રતિ,

- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી શ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિર્દેશક શ્રી(ઈન્ટે.), ગુજરાત રાજય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિર્દેશક શ્રી(હથિયારી એકમ ), ગુજરાત રાજય, ગાંધીનગર.
- સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય , ગાંધીનગર
- પોલીસ મહાનિરીક્ષકશ્રી અને કમાન્ડર, મરીન ટાસ્ક ફોર્સ, મરીન અનામત પોલીસ દળ જામનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગાંધીનગર. અમદાવાદ/ રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી-અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે તિજોરી અધિકારીશ્રી.
- સ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઈલ.